# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

## ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ (જા.ક્ર. ૪૦/૨૦૧૮-૧૯) ની મુખ્ય લેખિત પરીક્ષા ના ઉમેદવારો માટે

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૪૦/૨૦૧૮-૧૯ ની તા.૨૧/૧૦/૨૦૧૮ ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીનું કામચલાઉ પરિણામ તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રાથમિક કસોટીમાં કામચલાઉ ધોરણે સફળ થયેલ તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા (લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. **ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક થી તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક સુધી "Online" અરજીપત્રક ભરી તેની પ્રિન્ટ મેળવી તથા પરીક્ષા ફી પોસ્ટ ઓફિસમાં ભરી ચલણની નકલ સહિત જરૂરી તમામ પ્રમાણપત્રો સાથે આયોગની કચેરી (ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, છ-રોડ, "છ-૩" સર્કલ પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦) ખાતે રૂબરૂ અથવા રજી.પોસ્ટ એ.ડી. દ્વારા તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૯/૦૧/૨૦૧૯ સુધીમાં કચેરી સમય દરમ્યાન અચૂક મોકલી આપવાનું રહેશે.** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની, ઉકત જગ્યાઓના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબના લાયકી ધોરણની ચકાસણી કર્યા સિવાય પ્રાથમિક કસોટીમાં સફળ ઉમેદવારોને તદ્દન કામચલાઉ ધોરણે મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત) માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**: મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારોએ નીચે દર્શાવેલ ક્રમાંક ૧ થી ૬ ની અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી :**

૧. ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની દ્રષ્ટિહિનતાની અશકતતા ધરાવતા ઉમેદવારો લહીયાની સુવિધા મેળવવા માંગતા હોય તો તેઓએ નિયત નમૂનામાં અરજી કરી લહિયો મેળવી શકશે. આવા ઉમેદવારોને કલાક દીઠ ૨૦ મિનિટ વધારાનો વળતર સમય આપવામાં આવશે .

૨. મુખ્ય લેખિત પરીક્ષા **તા.૧૭/૦૨/૨૦૧૯, તા.૨૪/૦૨/૨૦૧૯ અને તા.૦૩/૦૩/૨૦૧૯ ના** રોજ ગાંધીનગર ખાતે યોજાનાર છે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ આયોગની વેબસાઇટ **https://gpsc-ojas.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.

૩. **Online અરજી કરવાની રીત:** **"online"** ફોર્મમાં ઉમેદવારે અગાઉ પ્રિલિમિનરી પરીક્ષાના ફોર્મમાં દર્શાવેલ વિગતો તો હશે જ, **વધુમાં ભરતી (પરીક્ષા) નિયમો અનુસાર ઉમેદવારે પરીક્ષાનું માધ્યમ (ગુજરાતી / અંગ્રેજી) અચૂક દર્શાવવાનું રહેશે.** તે ઉપરાંત ઉમેદવાર હંગામી તથા કાયમી નવા સરનામાની, મેળવેલ શૈક્ષણિક લાયકાતની, લહિયાની તથા વિધવાપણાની વિગત આપી શકશે. અરજીપત્રક **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહે છે. ૩(૧) **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર જવું. ૩(૨) **"Call Letter/Form" → "Main Exam Call Letter/ Form"** પર જઇ "Job Select" કરવી (જાહેરાત પસંદ કરવી). ૩(૩) ઉમેદવારે પોતાનો **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઇપ કરી **'OK'** પર **Click** કરવાથી ફોર્મ ખુલશે. ૩(૪) ઉમેદવારે જરૂરી વિગતો / સુધારા કર્યા બાદ "Save" કરવું. અરજીપત્રક એક વાર **'Save'** થયા બાદ તેમાં કોઈપણ સુધારા / વધારા થઈ શકશે નહીં. તેની ખાસ નોંધ લેવી. ૩(૫) અરજીપત્રક **'Save'** કરવાથી **"Print Form"** તથા **"Print Challan"** ના વિકલ્પ આવશે. અરજીપત્રકની નકલ કાઢવા માટે **"Print Form"** પર **click** કરીને પ્રિન્ટઆઉટ તથા **PDF** માં Save/ Download કરી શકશો. બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ **"Print Challan"** પર **click** કરીને પ્રિન્ટ આઉટ મેળવી નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૨૦૦/- ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ ભરવાનો રહેશે અને તે અંગેનું ચલણ મેળવવાનું રહેશે. જે ઉમેદવારે online ફીની ચૂકવણી કરી હોય અને ફીના નાણા બેંકમાંથી કપાયેલ હોય અને તેની પહોંચ ન મળી હોય, તો ઉમેદવારે આ સાથે આપેલ લિંક **https://gpsc.ojas.gujarat.gov.in/PrintApplFormStatic.aspx?opt=6tNlqlrOAAk%3d** પર જઇને અરજી ફીની સ્ટેટસ પર ક્લિક કરીને તેનું પોસ્ટીંગ કર્યા બાદ પહોંચ મેળવી લેવાની રહેશે. આ કાર્યવાહી માત્ર ઓનલાઇન અરજીસ્વીકારવાની ચેલ્લી તારીખ / સમય સુધીમાં જ કરી શકશે. ૩(૬) બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ આ ચલણ તથા લેખિત મુખ્ય પરીક્ષાના અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક જ્યારે અનામત કક્ષાના ઉમેદવારોએ ફક્ત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા માટેના અરજીપત્રકની પ્રિન્ટેડ નકલ કાઢી, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા સહી સાથે માંગવામાં આવેલ દસ્તાવેજોની નકલ સાથે અરજીપત્રક **આયોગની કચેરી ખાતે તા.૧૯/૦૧/૨૦૧૯ ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા રજી.પોસ્ટ એ.ડી. દ્વારા મોકલી આપવાનું રહેશે.**

૪. ઉપરોક્ત પેરા-૩ ની સૂચનાઓ અનુસાર નિયત સમયમર્યાદા દરમ્યાન online અરજીપત્રકો ભરનાર ઉમેદવારો જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. વધુમાં, જેઓ તા.૧૯/૦૧/૨૦૧૯ ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં અરજીપત્રક અને નીચે જણાવ્યા મુજબના બિડાણો/દસ્તાવેજો આયોગની કચેરી ખાતે રજૂ કરવાનું ચૂકશે, તો તેઓ જો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હશે અને ગમે તેટલા ગુણ મેળવેલ હશે તો પણ તેઓને અપાત્ર જાહેર કરવામાં આવશે. અરજીપત્રક સાથે જોડવાના પ્રમાણપત્રોની યાદી : **(a)** એસ.એસ.સી.ઇ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે અન્ય પ્રમાણપત્ર માન્ય નથી.) **(b)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **(c)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્કશીટસ) **(d)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. **(e)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક (ગુજરાતીમાં) મુજબનું તારીખ: ૦૧/૦૪/૨૦૧૬ ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર'. **(f)** શારીરિક રીતે અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર. **(g)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર." **(h)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ. **(i)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ. **(j)** માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જબૂકની નકલ. **(k)** પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા અંગેની પહોંચની નકલ.

૫. ઉમેદવારોએ તા.૦૭/૦૨/૨૦૧૯ ના રોજ (બપોરે ૦૧.૦૦ કલાક) થી તા.૧૭/૦૨/૨૦૧૯ (સવારે ૧૦.૦૦ કલાક) સુધીમાં પ્રવેશપત્ર તથા ઉમેદવારની સૂચનાઓ (પરિશિષ્ટ) "Online" ડાઉનલોડ કરવાના રહેશે.

૬. પ્રવેશપત્ર અને ઉમેદવારની સૂચનાઓ **"online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહેશે: (૧) **http://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર જવું. (૨) **"Main Exam Call letter / Form"** પર **"click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"job select"** કરવી તથા **"conformation number"** અને **"birthdate"** ટાઇપ કરવાના રહેશે. (૪) હવે **"OK"** પર **"click"** કરી પ્રવેશપત્રની તથા ઉમેદવારોની સૂચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચૂક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવવા માટે આપનો પ્રવેશપત્ર આવશ્યક રહેશે. અન્યથા પરીક્ષામાં પ્રવેશ મળશે નહી. ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. જે ઉમેદવારોના ફોટા એટેન્ડન્સશીટમાં સ્પષ્ટ જોઇ શકાય તેવા આવેલા ન હોય તો તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો એટેન્ડન્સશીટમાં ઇન્વીજીલેટરની હાજરીમાં ચોંટાડવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે. ઉપરોક્ત બાબતે ઉમેદવારના પક્ષે થયેલ ચૂક પરત્વે આયોગ દ્વારા પાછળથી કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

તા.૨૫/૧૨/૨૦૧૮